# ગુજરાતમાં વધુ ૧૩ કેસ, કુલ ૧૮૮

## ગુજરાતમાં નવા કેસો પૈકી લોકલ ટ્રાન્સમિશનના કેસ એકાએક વધ્યા : વધુ બે લોકોના મોત થયા

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ કેસો વધ્યા છે પરંતુ અન્ય રાજ્યોની સરખામણીમાં અસરકારક પગલાના પરિણામ સ્વરુપે સ્થિતિ અપેક્ષા કરતા ખુબ સારી રહેલી છે. આજે ગુજરાતમાં ૧૩ નવા કેસ સાથે ગુજરાતમાં કેસોની સંખ્યા વધીને ૧૮૮ ઉપર પહોંચી હતી. અમદાવાદમાં બે નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. આની સાથે જ અમદાવાદમાં કુલ કેસોની સંખ્યા ૮૫ થઈ છે. સાત લોકોને અમદાવાદમાં રજા આપી દેવામાં આવી છે. અમદાવાદ બાદ સુરતમાં સૌથી વધુ ૨૪ કેસ નોંધાયા છે. રાજ્યમાં લોકલ ટ્રાન્સમીશનના કારણે હવે કોરોના વાયરસનો ચેપ ગંભીર અને ખતરનાક રીતે ફેલાઈ રહ્યો છે. અત્યારસુધીમાં ૧૭ જિલ્લાઓમાં કોરોના સંક્રમણના કેસનો નોંધાયા છે. રાજ્યમાં લોકલ ટ્રાન્સમિશનના ૧૧૫ કેસ નોંધાયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, હવે જે વિસ્તારોમાંથી પોઝિટિવ કેસ દર્દી મળતા એ વિસ્તારને કન્ટેન્ટમેન્ટ ઝોન અને બફર ઝોન જાહેર કરીને તેમાં કેન્દ્ર સરકારની માર્ગદર્શીકા અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કુલ ૧૮૮ પોઝિટિવ કેસમાંથી ૧૧૫ લોકલ ટ્રાન્સમિશન, ૩૩ વિદેશ અને ૩૨ આંતરરાજ્ય ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા દર્દીઓ છે. આજના નવા કેસમાં ભાવનગરમાં બે, વડોદરા અને સુરતમાં એક-એક લોકલ ટ્રાન્સમિશનના પોઝિટિવ કેસ નોંધાયા છે. અત્યારસુધીમાં કુલ ૧૮૮ પોઝિટિવ દર્દીઓમાંથી ૧૩૬ સ્ટેબલ છે જ્યારે ૨ દર્દી વેન્ટિલેટર પર છે. ૨૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જ્યારે ૧૬ દર્દીઓના મોત નીપજ્યાં છે. રાજ્યમાં કુલ ૧૨૨૯૯ લોકોને ક્વોરન્ટીન કરાયા છે. જેમાંથી ૧૧૧૭૩ હોમ ક્વોરન્ટીન, ૯૫૨ સરકારી અને ૧૭૪ ખાનગી ફેસલિટીમાં ક્વોરન્ટીન છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં કોરોનાના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં સૌથી પ્રભાવિત વિસ્તાર અમદાવાદ છે. આ ઉપરાંત સુરતમાં પણ કેસોની સંખ્યામાં ઝડપી વધારો થતાં સંખ્યા વધીને ૨૩ ઉપર પહોંચી છે. ગુજરાતની કંપનીઓ કેડિલા હેલ્થકેર, મંગલમ ડ્રગ્સ અને વાઈટલ લેબોરેટરી એક મહિનામાં ૨૫ ટન દવાઓનો જથ્થો બનાવવા માટે તૈયાર છે. ડ્રોનમાં સ્પીકર લગાવીને લોકોને સંદેશો આપવા માટે નવો પ્રયોગ કરવામાં આવ્યો છે. કોરોના-૧૯ની કામગીરી સંભળતા રાજ્ય સરકારના કોઈપણ કર્મચારીનું કોરોના ચેપના લીધે મૃત્યુ થશે તો કર્મચારીના પરિવારને ૨૫ લાખ રૂપિયાની સહાયતા કરવામાં આવશે. કોરોના અને લોકડાઉનની સ્થિતિમાં ગુજરાતમાં હજુ સુધી ૪૦ લાખ કરતા વધુ ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાનનિધિ યોજના હેઠળ દરેક ખેડૂતના ખાતામાં જંગી રકમ જમા કરવામાં આવી છે. અમદાવાદ, ભાવનગર, વડોદરા અને સુરતના કેટલાક ક્ષેત્રોમાં કોરોનાના કેસો વધતાં ગુજરાત સરકારે આજે નિર્ણય લીધો હતો કે, આ ચાર શહેરોના ૧૫ ક્ષેત્રોમાં કોરોનાને રોકવા માટે સામૂહિક અટકાયત રણનીતિ હેઠળ ખાસ કાર્યયોજના બનાવીને ઉપાય કરવામાં આવી રહ્યા છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ ૮૫ | વડોદરા ૧૮ | સુરત ૨૩ | રાજકોટ ૧૧ | ગાંધીનગર ૧૩ | ભાવનગર ૧૮ |
| ગીરસોમનાથ ૦૨ | પોરબંદર ૦૩ | મહેસાણા ૦૨ | પાટણ ૦૫ | કચ્છ ૦૨ | છોટાઉદેપુર ૦૧ |
| પંચમહાલ ૦૧ | જામનગર ૦૧ | મોરબી ૦૧ | સાબરકાંઠા ૦૧ | આણંદ ૦૧ | |

## હિંમતનગર સિવિલના કર્મચારી વિરૂદ્ધ ફરીયાદ નોંધાઈ

સાબરકાંઠા જિલ્લામાં મંગળવારે સૌથી પહેલો કોરોનાનો પોઝેટીવ કેસ નોંધાયા બાદ સમગ્ર વહિવટીતંત્ર તરત જ હરકતમાં આવી ગયુ છે. ત્યારે કોરોના પોઝેટીવ કેસનો દર્દી હિંમતનગર સિવિલમાં સ્ટાફ બ્રધર તરીકે ફરજ બજાવતો હતો અને તે એમ્બ્યુલન્સના નામે રાજસ્થાન સહિત અન્ય સ્થળે દર્દીઓને મુકવા પણ જતો હતો. જેને લઈને તે કોરોનાના દર્દીના સંપર્કમાં આવી ગયો હતો જે અંગે પોલીસે મંગળવારે સાંજે એડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે ડૉ. સૂર્યાબેન ખલીલઅહેમદ ડોઈએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ હિંમતનગરની સિવિલમાં બ્લોક નં. બી ના ૬૦૪ ક્વાટર્સમાં રહેતા નરેન્દ્રસિંહ રોશનસિંહ ચૌહાણ સ્ટાફ બ્રધર તરીકે ફરજ બજાવે છે અને તેઓ પોતાનુ ખાનગી વાહન રાખીને અનેક લોકોને એક સ્થળેથી બીજા સ્થળે ભાડુ લઈને મુકી આવે છે. દરમિયાન તે ગમે તે કોઈ કોરોનાના દર્દીના સંપર્કમાં આવ્યા બાદ તેને તેની બીમારી થઈ હતી.

તેમ છતાં જ્યારે તેનામાં કોરોનાના લક્ષણો જણાયા છતાં તેણે ક્યાં ક્યાં મુસાફરી કરી તે અંગે સિવિલ સત્તાવાળાઓ સમક્ષ માહિતી છુપાવી રાખી હતી જેને લઈને આજે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો છે. જેથી એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ની કલમ ૩ મુજબ ટ્રાવેલીંગની માહિતી છુપાવવા બદલ મંગળવારે સાંજે તેની વિરૂદ્ધ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાઈ હતી.

## હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલને કોવિડ હોસ્પિટલ જાહેર કરાઈ

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયા બાદ વહિવટીતંત્રએ આગામી દિવસોમાં જો રોગનો વધુ ફેલાવો થાય તો તેના માટે સારવારની સગવડો ઉપલબ્ધ કરાવવા માટે બુધવારથી તૈયારીઓ શરૂ કરી દીધી છે અને હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલ મેડીસ્ટાર હોસ્પિટલ (ખાનગી)ને કોવિદ હોસ્પિટલ તરીકે જાહેર કરીને તેમાં અદ્યતન સગવડો સાથેની ૯૨ બેડની આ હોસ્પિટલને સેનેટાઈઝ કરવાની કામગીરી શરૂ કરી દીધી છે.

આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગના આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો પ્રથમ કેસ જાહેર થયા બાદ જિલ્લાનું વહિવટીતંત્ર હરકતમાં આવી ગયુ હતુ. ત્યારબાદ જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી તથા આરોગ્ય અધિકારી સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. ત્યારબાદ જિલ્લા કલેક્ટર અને ઉચ્ચ અધિકારીઓએ હિંમતનગરની વિવિધ મોટી અને ખાનગી હોસ્પિટલોની મુલાકાત લઈને સગવડો અંગે જાતમાહિતી મેળવી હતી.

જે આધારે હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલ મેડીસ્ટાર હોસ્પિટલને કોવિદ હોસ્પિટલ તરીકે પસંદગી કરવામાં આવી છે. ત્યારબાદ બુધવારે હોસ્પિટલના તમામ રૂમોને સેનેટાઈઝ કરવાની કામગીરી શરૂ કરી દેવાઈ હતી.



આરોગ્ય વિભાગના સૂત્રોનુ માનીએ તો આ હોસ્પિટલ આગામી ૧૦ એપ્રિલથી શરૂ થી જશે અને હોસ્પિટલમાં ૯૨ બેડ હશે જો કે પ્રારંભિક તબક્કામાં આ હોસ્પિટલનો સ્ટાફ ફરજ બજાવશે અને ભવિષ્યમાં વધુ સ્ટાફની જરૂર પડશે તો આરોગ્ય વિભાગ તેના માટે વ્યવસ્થા કરશે.

## સાબરકાંઠામાં લોકડાઉનનો કડક અમલ : જાહેરનામાના ભંગ બદલ ૧૧૯ ફરીયાદો નોંધાઈ

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસને પગલે લોકડાઉનનો કડક અમલ કરાઈ રહ્યો છે ત્યારે જિલ્લામાં અનેક લોકો જાહેરનામાનો ભંગ કરી બિંદાસ ફરી રહ્યા છે. ત્યારે જિલ્લા પોલીસતંત્ર દ્વારા મંગળવારે એક જ દિવસમાં જિલ્લામાં તમામ પોલીસ સ્ટેશનમાં ૧૧૯ ફરીયાદો નોંધાઈ છે અને જિલ્લામાં લોકડાઉનની કડક અમલવારી કરવાના આશયથી અનેક વાહનો પણ ડીટેઈન કરી દેવામાં આવ્યા છે.

કોરોના વાયરસને પગલે ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં તંત્ર દ્વારા ૨૧ દિવસનું લોકડાઉન અમલી બનાવાયુ છે જેને લઈને હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે પોલીસતંત્ર દ્વારા રાઉન્ડ ધ ક્લોક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તેમ છતાં અનેક લોકો જાહેરનામાનો ભંગ કરીને કોરોનાને આમંત્રણ આપવા માટે ગમે ત્યાં ભડકી રહ્યા છે. જેને લઈને ઉચ્ચ અધિકારીઓએ લોકોની અવરજવર ઘટાડવા માટે સખ્તાઈના પગલા લેવા પડે તેવા સંજોગ ઉભા થયા છે.

## પ્રાંતિજ સહિત તાલુકામાં હનુમાન ભકતો દ્વારા ઘરે બેઠા હનુમાન જયંતિની ઉજવણી કરી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં આજે હનુમાન જયંતિને લઈને હનુમાન ભકતોએ ઘરે-ઘરે હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. હાલ નોવેલ કોરોનાના વાઈરસને લઈને દેશ સહિત વિદેશોમાં મહામારી ફેલાઈ છે ત્યારે કોરોનાના વાઈરસને લઈને સંક્રમણથી વધુ ફેલાવો ના થાય તે માટે મંદિરો પણ બંધ રાખવામાં આવે છે. માત્ર મંદિરના મહંત-પુજારી દ્વારા પુંજા-અર્ચના કરવામાં



આવી રહી છે. પુંજારી સિવાય કોઈ પણ લોકોને મંદિરમાં પ્રવેશ આપવામાં આવતો નથી. પ્રાંતિજના રાસલોડ મંદિર ખાતે પણ હનુમાન મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમો બંધ રાખ્યા હતાં. દર વર્ષ અમદાવાદ, બરોડા, સુરત, મહેસાણા સહિતમાંથી હજારોની ભીડ જામતી પણ હાલ મંદિરો ઉપર પણ જાણે કોરોનાનું ગ્રહણ લાગી જતા ભકતોની ભીડ વગર મંદિરો સહિત મંદિર ચોક સુમસામ લાગતા હતાં. મંદિર વ્યવસ્થાપક રહીશભાઈ કસ્બાતી દ્વારા કોરોના વાઈરસને લઈને આ વર્ષે હનુમાન જયંતિની ઉજવણી મોકુફ રાખવામા આવી હતી. હજારો લોકોથી ઉભરાતા મંદિરો હાલતો સુમસામ રહ્યાં હતાં.




### પાલનપુર સિવિલ હોસ્પિટલનો નર્સિંગ સ્ટાફ

## વિવિધ માંગણીઓને લઈ હડતાલ પર ઉતરી જઈ હોબાળો મચાવતાં ભારે ઉત્તેજના પ્રસરી

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અટકાવવા અને જો દર્દીઓ નોંધાય તો પાલનપુર સિવિલ, ડીસા ગાંધી લિકન હોસ્પિટલને કોવિડ સુવિધાઓથી સજ્જ કરવામાં આવી છે. આવા સમયે બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર શહેરમાં આવેલી જિલ્લાની મુખ્ય પાલનપુર સિવિલ હોસ્પિટલનો નર્સિંગ સ્ટાફ બુધવારે વિવિધ માંગણીઓને લઈ હડતાલ પર ઉતરી જઈ હોબાળો મચાવતાં ભારે ઉત્તેજના પ્રસરી ગઈ હતી. જ્યાં તમામ સ્ટાફ હોસ્પિટલની બહાર આવી ગયો હતો. આ અંગેની જાણ થતાં હોસ્પિટલના સંચાલકો દોડી આવ્યા હતા. અને વાટાઘાટો દ્વારા સમજાવટના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતો. જે બાદ મામલો થાળે પડ્યો હતો.

## વડગામ તાલુકાના નાનોસણા, નાંદોત્રા, પસવાદળ, તેનીવાડામાં પ્રવેશવાના માર્ગો લોકડાઉન કરાયા

### સિધ્ધપુર તરફથી વાહનો તેમજ લોકોને પ્રવેશવા પર પાબંદી

વડગામ તાલુકાના નાનોસણા, નાંદોત્રા, પસવાદળ અને તેનીવાડા ગામને અડીને જ સિધ્ધપુર શહેર આવેલું છે. સિધ્ધપુર પંથકમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસને લઈને વડગામ પંથકમાં પણ ભારે હલચલ મચી ગઈ છે. અને સિધ્ધપુરને છેવાડાનુ ગામ નાનોસણા છે. નાનોસણા બાદ જ પાટણ જિલ્લાની અને સિધ્ધપુર તાલુકાની હદ શરૂ થાય છે. સિધ્ધપુર તાલુકામાં પ્રથમ કોરોનાનો ભોગ બનેલ દર્દીનુ સારવાર બાદ અવશાન થવા પામ્યું છે. અને અન્ય ચાર જેટલા કેસ પોઝિટિવ આવતાં પાટણ જિલ્લાનું



અડીને જ આવેલા નાનોસણા, નાંદોત્રા, પસવાદળ, તેનીવાડા ગામના રસ્તાઓ ગ્રામજનો દ્વારા સદતંર બંધ કરીને લોકડાઉન કરાયા છે. સિધ્ધપુર તરફથી આવતા વાહનો તેમજ લોકોને ન પ્રવેશવા પાબંદી લગાવી દેવાઈ છે.

સિધ્ધપુરથી વડગામ અને બનાસકાંઠા જિલ્લામાં પ્રવેશવાનો સીધો અને સરળ રસ્તો નાનોસણાથી નાંદોત્રા, ધારેવાડાથી પસવાદળ, તેનીવાડા થઈને વડગામમાં પ્રવેશ કરી શકાય છે. આમ વડગામના વહીવટીતંત્ર હચમચી ગયું છે અને સિધ્ધપુરના રસ્તાઓ કિલ્લેબંધી કરીને આરોગ્યની ટીમો સર્વે માટે ઉતરી પડી છે. જેની ગંભીરતા લઈને વડગામની પ્રજા પણ એલર્ટ બની રહી છે. સિધ્ધપુરથી વડગામ તાલુકામાં પ્રવેશવાના નાનોસણા, નાંદોત્રા, પસવાદળ, તેનીવાડા ગામના રસ્તાઓ બંધ કરીને લોકડાઉન કરી દેવાયા છે. સિધ્ધપુર તરફથી એક પણ વાહન કે લોકોને પ્રવેશવા નહીં દેવાય તેમજ ગામમાં પણ લોકોને બિન જરૂરી બહાર ન નિકળવા અપીલ કરાઈ રહી છે.

### લોકડાઉન વધારવાના... ● પહેલા પાનાનું ચાલુ

અલબત્ત કેટલાક નેતાઓએ આંશિકરીતે લોકડાઉન હટાવવાની માંગ પણ કરી હતી. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે લોકડાઉનની અવધિને વધારવાની અપીલ કરી છે. એમ માનવામાં આવે છે કે, મોદી દેશના જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે એક અન્ય બેઠક યોજ્યા બાદ જ લોકડાઉનના સંદર્ભમાં કોઈ નિર્ણય કરશે. સર્વપક્ષીય બેઠકમાં સામેલ રહેલા એલજેપીના નેતા ચિરાગ પાસવાને કહ્યું હતુંકે, બેઠકમાં દરેકે લોકડાઉનને લઈને સૂચન કર્યા હતા. તેમણે કહ્યું હતુંકે, કેટલાકે આંશિકરીતે લોકડાઉનને દૂર કરવાની માંગ કરી હતી જ્યારે કેટલાકે આને યથાવતરીતે જારી રાખવાની અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, તેમની પાસે હજુ સુધી આટલી જ માહિતી આપી છે. લોકડાઉનને હટાવવાની બાબત મુશ્કેલરુપ દેખાઈ રહી છે. અમે પણ પાર્ટી તરફથી લોકડાઉન દરમિયાન અને ત્યારબાદ સાવચેતીના પગલાની અપીલ કરી ચુક્યા છે. લાંબા સમય સુધી સરહદોને સીલ રાખવાની વાત પણ કરવામાં આવી છે. આંતરરાજ્ય અને જિલ્લાઓની સરહદોને બંધ રાખવાની જરૂરિયાત પર ભાર મુકવામાં આવ્યો છે. મોદીએ અમને કહ્યું હતું કે, કોરોના બાદની લાઈફ પહેલા જેવી રહેનાર નથી.

### માસ્ક ફરજિયાત... ● પહેલા પાનાનું ચાલુ

જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરતી વેળા માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. સ્થિતિમાં સુધારો થઈ ગયા બાદ લોકોને હાલમાં નિયમો પાળવા માટે ઉદ્ધવ ઠાકરે દ્વારા અપીલ કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં કોરોના કેસોની સંખ્યા દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં વધારે નોંધાઈ રહી છે ત્યારે ઉદ્ધવ ઠાકરે તરફથી પણ લોકોને અપીલ કરવામાં આવી છે. મહારાષ્ટ્રની સાથે સાથે મુંબઈ અને પુણેમાં કોરોનાના દર્દી વધી રહ્યા છે. મુંબઈના ઝુંપડપટ્ટી એવા ધારાવી પણ કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાં વધતા જતાં કેસો વચ્ચે ઉદ્ધવ ઠાકરેએ આજે રાજ્યના નામ પોતાના સંબોધનમાં તમામ લોકોને માસ્કનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

### ટેસ્ટ ફ્રીમાં કરવા... ● પહેલા પાનાનું ચાલુ

આરોગ્ય મંત્રાલય તરફથી ૨૧મી માર્ચના દિવસે રાત્રે એક નોટિફિકેશન જારી કરીને કેટલીક બાબતોનો ખુલાસો કરાયો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે, કોરોના વાયરસના ઈન્ફેક્શનની તપાસ માટે મહત્તમ ૪૫૦૦ રૂપિયાની રકમ વસુલ કરવામાં આવી શકે છે. આ હેઠળ જો કોઈ શંકાસ્પદ દર્દીની સ્ક્રિનિંગ ટેસ્ટ માટે ૧૫૦૦ રૂપિયાથી વધારે રકમ લઈ શકાશે નહીં.

### હોટસ્પોટ સીલ... ● પહેલા પાનાનું ચાલુ

મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આ તમામ જિલ્લા કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત છે. આમા એવા જિલ્લા પણ સામેલ છે જેમાં છથી વધારે કોરોના પોઝિટિવ દર્દી આવ્યા છે. યુપી સરકાર ૧૩મી એપ્રિલના દિવસે સ્થિતિની સમીક્ષા કરશે ત્યારબાદ ભાવિ નિર્ણય કરશે. બીજી બાજુ યુપી સરકારના અપર મુખ્ય સચિવ ગૃહ અવનિશ અવસ્થીએ કહ્યું છે કે, જે જિલ્લામાં છથી વધારે કોરોના પોઝિટિવ કેસ છે ત્યાંના હોટસ્પોટ સીલ કરી દેવામાં આવ્યા છે.

### સંખ્યા ૫૮૦૦ પહોંચી... ● પહેલા પાનાનું ચાલુ

તમિળનાડુમાં પણ કેસોની સંખ્યા ૬૦૦ના આંકડાને પાર કરી ગઈ છે. સારી બાબત એ છે કે સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા ૩૨૬ ઉપર પહોંચી છે.મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, રાજસ્થાન, તમિળનાડુ, ગુજરાતમાં કેસોની સંખ્યા વધારે રહેલી છે. કેટલાક હોટ સ્પોટ કેન્દ્રો પણ જાહેર કરવામાં આવ્યા છે. યુદ્ધના ધોરણે તમામ પગલા દેશમાં લેવામાં આવી રહ્યા છે. ૨૧ દિવસના લોકડાઉનના ગાળાનો દોર કઠોર રીતે હાલમાં દેશમાં અમલી છે. કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. વડાપ્રધાન મોદી સતત એક્શનમાં છે. સીધીરીતે માહિતી દરરોજ ૨૦૦થી પણ વધુ લોકો પાસેથી મેળવી રહ્યા છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે.

### મૃત્યુ આંક ૮૨ હજાર... ● પહેલા પાનાનું ચાલુ

દમ તોડી ચુક્યા છે. જ્યારે કેસોની સંખ્યા તો વધીને ૧૪ લાખ કરતા પણ ઉપર પહોંચી ચુકી છે. ખતરનાક સ્થિતીનો અંદાજ આ બાબતથી જ લગાવી શકાય છે કે હજુ ૪૮ હજાર લોકોની હાલત ગંભીર બનેલી છે. જેથી મોતના આંકડા અંગે અંદાજ લગાવીને જ ભય થઈ શકે છે. વિશ્વના તમામ દેશોમાં દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. દુનિયાના દેશો તેની સામે લડી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતના આંકડા પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. કોરોના વાયરસનો આ આંકડો દરિયામાં પાણીની એક બુંદ સમાન છે.

### ભરખી ગયો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માંણી રહ્યા છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં લાંબા વેકેશનના લીધે મોટાભાગના પરિવારજનો બહારગામ જવાનુ પણ આયોજન કરે છે. પરંતુ હાલ કોરોનાની મહામારીના લીધે નગરજનો ઘરમાં પુરાયેલા છે. ત્યારે ઘરમાં રહીને જ વેકેશનનો આ સમયગાળો એન્જોય કરી રહ્યા છે. આખા વર્ષના અંતે મળતા વેકેશનનો પણ કોરોનાએ કોળિયો કરી લીધો છે. જેના લીધે વેકેશન એન્જોય કરવા ટુર પર જવા ઉત્સુક પરિવારજનો પણ લાચાર બની ઘરમાં બેઠા છે. બીજીતરફ દેશમાંથી આ મહામારીનો ઝડપથી અંત આવે તે માટે સરકારની ગાઈડલાઈન મુજબ નિયમોનુ પાલન કરવાનુ પણ ચુકતા નથી.

### મેડિકલ વેસ્ટ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે પણ ૧૧૪ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે તેમજ મનપાના ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં ૧૮ જેટલા લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. આ યાદીમાં જણાવાયા મુજબ ૧૫મી માર્ચ પછી શહેરમાં ૪૬૭ લોકો આંતર રાજ્ય, આંતર જિલ્લામાંથી ગાંધીનગર આવ્યા છે તેમની ચકાસણી મનપાની આરોગ્ય ટીમો દ્વારા કરવામાં આવી રહી છે.

### સાયબર ક્રાઈમ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોતાના મોબાઈલમાં કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવા આવેલ એક મેસેજમાં દર્શાવેલ નંબર પર ફોન લગાડી તેમાં મળેલ સૂચના મુજબ પ્રક્રિયા હાથ ધરી હતી. જો કે આ પ્રક્રિયા થોડી લાંબી ચાલતા તેને શંકા જતા તુરંત પ્રક્રિયા અટકાવી ફોન કટ કરી દીધો હતો પરંતુ ત્યારબાદ તેણે પોતાના ખાતાનું બેલેન્સ બેંકની એપ્લિકેશન મારફત ચેક કરતા તેમાંથી રૂ. ૨૪ હજાર ઉપડી ગયાં હોવાનું માલુમ પડ્યું હતું. આથી સત્વરે યુવકે ખાતામાં રહેલા બાકી નાણાં પોતાની પત્નિના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી ફરી પેલા નંબર પર અન્ય નંબરથી ફોન જોડતાં પેલા લેભાગુએ આ તો ટેસ્ટીંગ પ્રક્રિયા હતી અને તમારા નાણાં સાત દિવસમાં પરત આવી જશે તમે પ્રોસેસ ચાલુ રાખો તેવી લાલચુ વાતો કરીને વધુ ફસાવવા પ્રયાસ કર્યો હતો. છેવટે પેલા યુવકે ફોન કટ કરી પોતાની છેતરપિંડી અંગે બેંકમાં જાણ કરી હતી અને ત્યારબાદ ૧૦૦ નંબર પર ફોન કરી સાયબર ક્રાઈમમાં પણ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.